# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com - ૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪/ ૧૭૧૩૬

તા.૨૧/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર અને જિલ્લાની સરકારી/

બિનસરકારી માધ્યમિક/ઉ.મા.શાળાઓ તરફ.

**વિષય:-** સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહન ઇનામ આપવા બાબત.

**સંદર્ભ:-** કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક:cos/10+2/uma-06/2024/૬૫૭૨-૭૬ તા.૧૯/૧૨/૨૦૨૪નો પત્ર અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે સને-૨૦૨૪-૨૫ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થાય તે શાળાને પ્રોત્સાહક ઇનામ આપવા માટે અત્રેના જિલ્લાની ત્રણ શાળા પસંદ કરવાની થાય.સદર યોજનામાં ભાગ લેનાર શાળાઓએ નીચેમુજબની લીકમાં ઓનલાઇન કરવાની રહેશે.આ સાથે કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરનો તા.૧૯/૧૨/૨૦૨૪ પત્ર અન્વયે કાર્યવાહી કરવા શાળાઓને જણાવવામાં આવે છે. શાળાએ ઓનલાઇન ફોર્મ ભરવાની લીક: https://shrestha-shala.gujaratvsk.org/

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

# Commissionerate of School
## Government of Gujarat
Vidya samixa Kendra, Sector 19, Gandhinagar 382010
Te.No : 07923254001 E-mail: ss.umabranch@gmail.com


Ref No.COS/10+2/uma-06/2024/ ૬૫૭૨-૭૬ Dt. /૭ /12/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુ.રા.

વિષય : સને 2024–25ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહન ઈનામ આપવા બાબત

સંદર્ભ : 1. શિક્ષણ વિભાગનો તા.1/3/2024નો ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2023/4427/ CHH

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સને 2024–25ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થાય તે શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા માટે આપના જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને શાળા દીઠ રૂ.1.00 લાખ (અંકે એક લાખ પુરા) તથા રાજ્ય કક્ષાએ પ્રથમ નંબરે આવનાર શાળાને રૂ .5.00 લાખ (અંકે પાંચ લાખ પુરા), બીજા નંબરે આવનાર શાળાને રૂ.3.00 લાખ (અંકે ત્રણ લાખ પુરા) અને ત્રીજા નંબરે આવનાર શાળાને રૂ.2.00 (અંકે બે લાખ પુરા) નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

શ્રેષ્ઠ પસંદગી થનાર શાળાને નામજોગ આર્થિક પુરસ્કાર એનાયત થશે. શાળાઓમાં આ યોજનાનો બહોળો પ્રચાર થાય અને વધુમાં વધુ શાળાઓ આ યોજના માટે દરખાસ્ત કરે તેવાં પ્રયત્નો આપની કક્ષાએથી કરશો.

**આ યોજના અંતર્ગત શાળાઓને ભાગ લેવા માટે નીચે મુજબ નોર્મ્સ ફરજિયાત કરાયા છે.**

1. શિક્ષણ વિભાગ હસ્તકની આર.એમ.એસ.એ, મોડેલ, મોડેલ ડે સ્કુલ સહિતની કોઈ પણ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા શાળા સદર યોજનામાં ભાગ લઈ શકશે.
2. જિલ્લા કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ શાળા પસંદ કરવા માટે એક શહેર વિસ્તારની અને બે ગ્રામ્ય વિસ્તારની શાળા પસંદ કરવાની રહેશે.
3. શાળાનું એસ.એસ.સીનું ત્રણ વર્ષનું (વર્ષ 21–22, વર્ષ 22–23, વર્ષ 23–24) સરેરાશ પરિણામ **(માત્ર માધ્યમિક અને 9 થી 12 ના વર્ગો ધરાવતી શાળાઓ માટે)**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.

- ➢ જ્યાં માધ્યમિક અને ઉ.માધ્યમિક અથવા માત્ર માધ્યમિક શાળાઓ ચાલે છે તે શાળાઓ માટે.
- ➢ શહેર વિસ્તાર માટે 70% કે તેથી વધુ તથા ગ્રામ્ય વિસ્તાર માટે 65% કે તેથી વધું હોવું જોઈએ.

4. માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોય તો એચ.એસ.સીનું ઉપર મુજબ ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ નીચે મુજબ હોવું જોઈએ.
   - ➢ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ માટે : શહેર વિસ્તાર–70% કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર 65 % કે તેથી વધુ ।
   - ➢ બન્ને પ્રવાહ હોય તો જે પ્રવાહનું પરિણામ વધુ હોય તે ધ્યાને લેવું.

   (નોંધ ; ઉ.બુ પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં ધારાધોરણ લાગુ પડશે.)

5. એક વાર જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોત્સાહક પારિતોષિક મેળવેલ શાળાઓ તે પછીના ત્રણ વર્ષ સુધી શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં ભાગ લઈ શકશે નહિ.
6. નિયત થયેલ એપ્રાઈઝલ ફોર્મના માપદંડોના કુલ 150 ગુણમાંથી ઓછામાં ઓછા 100 ગુણ જે શાળા મેળવે તે જ શાળા ઈનામ માટે પસંદગીને હકદાર બનશે.
7. એપ્રાઈઝલ ફોર્મ ઝીણવટપૂર્વક વાંચી પ્રત્યેક વિગત જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઓનલાઈન ભરવાની રહેશે.
8. ભાગ લેનાર શાળાએ ઓનલાઇન (સામેલ સમયમર્યાદા મુજબ) નોધણી કરવાની રહેશે.
9. આવેલ અરજીઓના સંદર્ભમાં જિ.શિ.અધિ.શ્રી દ્વારા પેનલ મુલાકાત ગોઠવી શાળાએ ઓનલાઇન રજુ કરેલ વિગતોની ચકાસણી કરવી
10. આવેલ અરજીઓની ચકાસણી અને રૂબરૂ મુલાકાતના અંતે પસંદ થયેલ અરજીઓની ચકાસણી બાદ જિલ્લા પસંદગી સમિતિ જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની શ્રેષ્ઠ શાળા પસંદ કરશે.
11. જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા શ્રેષ્ઠ શાળાની આવેલ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમની શ્રેષ્ઠ શાળા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ઓનલાઇન મોકલવાની રહેશે.(ઓફલાઈન ફાઈલ કે VCD/DVD મોકલવાની રહેશે નહી.)

➢ જિલ્લા કક્ષાની પસંદગી સિમિતિની રચનામાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવો.

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(અધ્યક્ષ)
2. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(સભ્ય)
3. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી(સભ્ય)
4. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ કરેલ શાળા વિકાસ સંકુલના કો–ઓર્ડીનેટરશ્રી(સભ્ય)

4. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ કરેલ શાળા વિકાસ સંકુલના કો-ઓર્ડીનેટરશ્રી(સભ્ય)
5. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ થયેલ રાજ્ય/રાષ્ટ્રીય પરિતોષિક વિજેતા શિક્ષક/આચાર્ય(સભ્ય)
6. સંબધિત જિલ્લાના કોઈ એક સ્કૂલ ઈન્સ્પેકટર(S.I.)/એજ્યુકેશન ઈન્સ્પેકટર (E.I.)

શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં ક્ષતિ રહેવા ન પામે તેની અંગત રીતે ચકાસણી કરી જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા પ્રથમ ક્રમે પસંદ થયેલ શ્રેષ્ઠ શાળાની ઓનલાઇન દરખાસ્ત તથા જો આપના જિલ્લાની સદર યોજના માટે દરખાસ્ત ન હોય તો 'શૂન્ય' માહિતી નિયત સમયમર્યાદામાં ઓફલાઇન મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં, શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઈનામ યોજનાના નોર્મ્સનું પાલન થાય તે રીતે જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની શ્રેષ્ઠ શાળા પસંદ કરવાની જવાબદારી સંબધિત જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની રહેશે.

**"શ્રેષ્ઠ શાળા સ્પર્ધા" કાર્યક્રમની સમયસારણી**

| ક્રમ | કક્ષા | પ્રવૃતિ | તારીખ |
|---|---|---|---|
| ૧ | શાળા | ઓનલાઇન શાળાનું નોમીનેશન (સ્પર્ધામાં પસંદગી નોધાવવી) | તા.૨૪/૧૨/૨૦૨૪ થી તા.૦૪/૦૧/૨૦૨૫ |
| ૨ | જિલ્લા | સમિતિના સભ્યો દ્વારા શાળાઓની મુલાકાત લઈ ગુણાંકન કરવાની કામગીરી અથવા જિલ્લાના નિયત લોગીનમાં શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકનપત્રક આવ્યાબાદ કાર્યવાહી કરી શકશો. | તા.૦૬/૦૧/૨૦૨૫ થી તા.૨૦/૦૧/૨૦૨૫ |

**નોધ– શ્રેષ્ઠ શાળા પોર્ટલ પર મૂકવામાં આવનાર માર્ગદર્શક સૂચનાઓનો અચૂક અભ્યાસ કરવાનો રહેશે; જેની ગંભીરતાથી નોંધ લેશો.**

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨
ગુ.રા,ગાંધીનગર

બિડાણ :

- શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વર્ષ 2024-25

સવિનય નકલ રવાના જાણ સારુ : –

- સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ, છ શાખા, સચિવાલય, ગાંધીનગર
- અંગત મદદનીશશ્રી, માન.આયુક્તશ્રી, કમિશનર શાળાઓની કચેરી,
- સંયુક્ત શિક્ષણ નિયામક(હિસાબ), સદર કચેરી,
- સંયુક્ત શિક્ષણ નિયામક(માધ્યમિક), સદર કચેરી,

## શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 1 શાળા ભાવાવરણ

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | ઈકો ક્લબની પ્રવૃતિ અને શાળા ભાવાવરણ તેમજ શાળા સલામતી | 1 | શાળા મકાન પરિસરનું ભાવાવરણ | 1 | |
| | | 2 | શાળામાં પીવાના પાણીની શુધ્ધતા અને સ્વચ્છતા | 1 | |
| | | 3 | રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ કાર્યરત છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 4 | શાળામાં બગીચાની માવજત અને વિદ્યાર્થીઓનો અભિગમ | 1 | |
| | | 5 | કિચન ગાર્ડન, ઔષધીય વનસ્પતિ | 1 | |
| | | 6 | ટેરેસ ગાર્ડન, છોડના કુંડાઓ, મેદાન ના હોય તેવી જગ્યાએ બગીચાનું આયોજન | 1 | |
| | | 7 | શાળામાં સોલાર રૂફટોપની સુવિધા છે ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| | | 8 | શાળામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન(SDMP)ની રચના અને અમલીકરણ | 1 | |
| | | 9 | સરકારશ્રીની જોગવાઈ મુજબ શાળા પાસે ફાયર N.O.C છે ? જો હા તો 1 માર્ક્સ<br>અથવા<br>ફાયર N.O.C લાગુ ન પડતું હોય તો સેલ્ફ ડેકલેરેશન મુજબના ફાયર સેફ્ટીના સાધનો છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 10 | શાળાએ ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલ કરેલ છે /તાલીમ મેળવેલ છે ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| | | 11 | શાળામાં CCTV ની સુવિધા છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 12 | શાળામાં ફર્સ્ટ એઈડની સુવિધા છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 13 | શાળામાં વિદ્યાર્થીઓને આયર્ન , ફોલિક એસિડ વગેરે જેવી ટેબલેટનું વિતરણ થાય છે કે કેમ ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 14 | શાળાનું ડેડસ્ટોક / રેકર્ડ અધતન છે કે કેમ ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| 2 | સ્વચ્છતા | 1 | સ્ટાફ તથા વિદ્યાર્થીઓ માટે સેનિટેશનની ઉપલબ્ધતા અને સ્વચ્છતા(કન્યા-કુમાર માટે અલગ સેનીટેશન/ નિયમિત સફાઈ) ) | 1 | |
| | | 2 | વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા સાધનોનો ઉપયોગ | 1 | |
| | | 3 | શાળામાં કચરા/પાણીના નિકાલની વ્યવસ્થા | 1 | |
| 3 | શાળાકીય પ્રવૃત્તિઓ | 1 | પ્રાર્થના સભામાં સંગીતના સાધનોનો ઉપયોગ | 1 | |
| | | 2 | પ્રાર્થના સભામાં નવતર પ્રયોગ | 1 | |
| | | 3 | યૌગિક ક્રિયા/ સમૂહ કવાયતનો સમાવેશ | 1 | |
| | | 4 | બુલેટિન બોર્ડનો નાવીન્યપૂર્ણ ઉપયોગ | 1 | |
| | | 5 | નિષ્ણાતોના વકતવ્ય, સેમિનાર, વર્કશોપનું આયોજન | 1 | |
| | | 6 | સામાજિક સમસ્યાઓ અંગે જન જાગૃતિ અંતર્ગત શાળામાં કરવામાં આવતી પ્રવૃત્તિ (બેટી બચાવો, અંધશ્રધ્ધા નિર્મુલન ..વગેરે) | 1 | |
| 4 | શાળા પુસ્તકાલય | 1 | પુસ્તકાલયનું નવીનીકરણ અને ડિઝિટાઈઝેશન | 1 | |
| | | 2 | વિદ્યાર્થીઓને વાંચવા લાયક પુસ્તકોની સંખ્યા (3000 પુસ્તકો સુધી 1 માર્ક્સ , 3000 થી વધુ હોય તો 2 માર્ક્સ) | 2 | |
| | | 3 | વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તકોનો ઉપયોગ | 1 | |
| | | 4 | વાંચેલા પુસ્તકોની વિદ્યાર્થીઓ/શિક્ષકો દ્વારા થતી સમીક્ષા | 1 | |
| કુલ ગુણ | | | | 30 | |

## શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 2 અસરકારક વર્ગકાર્ય

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | વર્ગખંડની ગોઠવણ | 1 | વિદ્યાર્થીઓની સુવિધાયુક્ત બેઠક વ્યવસ્થા | 1 | |
| | | 2 | આરોગ્યની દ્રષ્ટિએ વર્ગખંડનું વાતાવરણ (હવા-ઉજાશ અને સ્વચ્છ વર્ગખંડ) | 1 | |
| | | 3 | વર્ગખંડની દીવાલોની જીવંતતા (ભીંત ચિત્રો, ચાર્ટસ, મહાનુભાવોના ફોટોગ્રાફ્સ, સંદેશા વગેરે...) | 1 | |
| 2 | વર્ગખંડ પ્રવૃત્તિઓ | 1 | પિયર ગ્રુપ લર્નિંગ કે વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ માટેના પ્રયત્નો | 1 | |
| | | 2 | વિષયને અનુરૂપ શૈક્ષણિક નવાચાર (ઈનોવેશન) | 1 | |
| | | 3 | દરેક પ્રવૃત્તિમાં શિક્ષકો/વિદ્યાર્થીઓની સમાન સહભાગિતા(કુમાર-કન્યાની સહભાગિતા) | 1 | |
| 3 | દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ | 1 | શિક્ષણની 'વંદે ગુજરાત' ચેનલ અને G-Shalaનો ઉપયોગ થાય છે.? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 2 | કમ્પ્યુટર/સ્માર્ટ બોર્ડ (લર્નિંગ) જેવા ડિજિટલ સાધનો વાપરવામાં આવે છે.? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 3 | સામયિક, સમાચાર પત્રો અને સંદર્ભ સાહિત્યનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ થાય છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 4 | શાળાની પ્રવૃતિ/કાર્યક્રમોનો સોશિયલ મીડિયા મારફત પ્રચાર થાય છે ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| 4 | વિદ્યાર્થીઓનું કૌશલ્યવર્ધન | 1 | શ્રુતલેખન, નિબંધલેખન, વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યપઠન જેવી સ્પર્ધાઓનું આયોજન. શાળાએ તાલુકા કક્ષાએ ભાગ લીધેલ હોય તો 1 માર્ક્સ, જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ હોય તો 2 માર્ક્સ, રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ હોય તો 3 માર્ક્સ, | 3 | |
| | | 2 | પ્રોજેક્ટ વર્ક / એક્સપોઝર વિઝીટ(એવાં ખાસ પ્રોજેક્ટ જેમાં વિદ્યાર્થી શાળાની બહારનો પણ અનુભવ મેળવે, સમાજ સાથે સંકળાય, સેવા સંતુષ્ટિનો અનુભવ કરે.) | 1 | |
| | | 3 | નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કાર્ય | 1 | |
| | | 4 | શાળા દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ માટે કરવામાં આવતા પ્રયત્નો | 1 | |
| | | 5 | શાળામાં વોકેશનલ કોર્ષ ચાલે છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 6 | શિક્ષકો શિક્ષણ કાર્યને અસરકારક બનાવવા માટે નવી પદ્ધતિને અનુસરે છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 7 | વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક સલામતી માટે લીધેલાં પગલાં(જાતીય સતામણી સલામતી અંગેના પગલા.....વગેરે ) | 1 | |
| કુલ ગુણ | | | | 20 | |

### શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ ૩ સહાભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરિણામલક્ષી લોકભાગીદારી

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | | | | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પરીક્ષા | | રજિસ્ટ્રેશન | પરીક્ષા | મેરીટ | | |
| 1 | બાહ્ય પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ | 1 | NTSE<br>National talent search exam. | શાળાની વિદ્યાર્થી સંખ્યાના 10% હોય તો 1 માર્ક્સ, | 10% પૈકી 50% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોય તો 1 માર્ક્સ | મેરીટમાં આવનાર ઓછામાં ઓછા 1 વિદ્યાર્થી હોય તો 1 માર્ક્સ અને તેથી વધુ હોય તો 2 માર્ક્સ | 4 | |
| | | 2 | TST<br>Talent search Test, (ધો-9) | શાળાની વિદ્યાર્થી સંખ્યાના 20% કે તેથી વધુ હોય તો 1 માર્ક્સ | 20% પૈકી 50% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોય તો 1 માર્ક્સ | મેરીટમાં આવનાર ઓછામાં ઓછા 3 વિદ્યાર્થી હોય તો 1 માર્ક્સ અને તેથી વધુ હોય તો 2 માર્ક્સ | 4 | |
| | | 3 | SSE<br>માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા (ધો.9) | શાળાની વિદ્યાર્થી સંખ્યાના 20% કે તેથી વધુ હોય તો 1 માર્ક્સ | 20% પૈકી 50% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોય તો 1 માર્ક્સ | મેરીટમાં આવનાર ઓછામાં ઓછા 5 વિદ્યાર્થી હોય તો 1 માર્ક્સ અને તેથી વધુ હોય તો 2 માર્ક્સ | 4 | |

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | | | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | માધ્યમિક ચિત્રકામ પરીક્ષા(ધોરણ 9-10), | શાળાની વિદ્યાર્થી સંખ્યાના 20% કે તેથી વધુ હોય તો 1 માર્ક્સ | 20% પૈકી 50% કે તેથી વધુ વિદ્યાર્થી ઓએ પરીક્ષા આપી હોય તો 1 માર્ક્સ | - | 2 | |
| 2 | રમતોત્સવ અને પ્રવાસ | 1 | શાળા પાસે રમતગમતનું પૂરતું મેદાન છે ? જો હા તો 1 માર્ક્સ | | | | 1 | |
| | | 2 | ખેલમહાકુંભમાં શાળાનું રજિસ્ટ્રેશન કુલ વિદ્યાર્થી સંખ્યા પૈકી 80% થી વધુ હોય તો 1 માર્ક્સ, રજિસ્ટ્રેશન થયેલ સંખ્યા પૈકી 50% થી વધુએ ભાગ લીધો હોય તો 1 માર્ક્સ | | | | 2 | |
| | | 3 | ખેલમહાકુંભમાં વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ વિજેતા થયા હોય તેવી એક કે બે રમતમાં સિદ્ધિ હોય તો 1 માર્ક્સ, ત્રણ થી પાંચ રમતો હોય તો 2 માર્ક્સ અને તેથી વધુ હોય તો 3 માર્ક્સ (વ્યક્તિગત સાંઘિક) | | | | 3 | |
| | | 4 | રાજ્યકક્ષાએ વિવિધ રમતોમાં શાળાની સિદ્ધિ (એક કે બે રમતમાં રાજ્યકક્ષાની સિદ્ધિ હોય તો 1 માર્ક્સ, ત્રણ થી પાંચ રમત હોય તો 2 માર્ક્સ અને તેથી વધુ હોય તો 3 માર્ક્સ) | | | | 3 | |
| | | 5 | વિદ્યાર્થી / શિક્ષકએ રાજ્ય/ રાષ્ટ્ર કક્ષાએ કોઈ રમતમાં સિદ્ધિ મેળવેલ હોય તો (ગતવર્ષમાં)1 માર્ક્સ | | | | 1 | |
| | | 6 | શૈક્ષણિક પ્રવાસ અને અનુકાર્ય**(જો આ વર્ષે ના થયો હોય તો ગત શૈક્ષણિક વર્ષ ધ્યાને લેવું)** | | | | 1 | |
| 3 | **મૂલ્યલક્ષી શિક્ષણ** | 1 | સરકારશ્રી દ્વારા યોજાતા વિવિધ દિવસોની ઉજવણી થાય છે ? તેમાં સક્રિયાતાથી ભાગ લેવાય છે? 1 માર્ક્સ | | | | 1 | |
| | | 2 | વિદ્યાર્થીઓના વાલીઓ સાથે મળીને કરવામાં આવતી પ્રવૃત્તિ | | | | 1 | |
| | | 3 | લોકશાહીના પર્વો/વિશ્વ યોગ દિવસની ઉજવણી થાય છે કેમ ? જો હા તો 1 માર્ક્સ | | | | 1 | |
| | | 4 | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સેવાકીય સંસ્થાઓની મુલાકાત | | | | 1 | |
| | | 5 | સર્વ ધર્મ સમભાવની પ્રેરણા આપતી પ્રવૃત્તિ | | | | 1 | |

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| | | 6 | **કલાઉત્સવ** : જો SVS કક્ષાએ વિજેતા હોય તો 1 માર્ક્સ, જિલ્લા કક્ષાએ વિજેતા હોય તો 2 માર્ક્સ, ઝોન કક્ષા/રાજ્યકક્ષાએ વિજેતા હોય તો 3 માર્ક્સ | 3 | |
| | | 7 | **કલા મહાકુંભ** : જો તાલુકા કક્ષાએ વિજેતા હોય તો 1 માર્ક્સ, જિલ્લા કક્ષાએ વિજેતા હોય તો 2 માર્ક્સ, પ્રદેશ/રાજ્ય કક્ષાએ વિજેતા હોય તો 3 માર્ક્સ | 3 | |
| | | 8 | **યુવા ઉત્સવ** : જો તાલુકા કક્ષાએ વિજેતા હોય તો 1 માર્ક્સ, જિલ્લા કક્ષાએ વિજેતા હોય તો 2 માર્ક્સ, પ્રદેશ/રાજ્ય કક્ષાએ વિજેતા હોય તો 3 માર્ક્સ | 3 | |
| | | 9 | **N.C.C/N.S.S** ની પ્રવૃતિ થાય છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| 4 | **વિશિષ્ટ શૈક્ષણિક વ્યવસ્થા** | 1 | ગણિત/વિજ્ઞાન મંડળ, ભાષા મંડળ, સામાજિક વિજ્ઞાન મંડળ છે? (શાળામાં 1 મંડળ કાર્યરત હોય તો 1 માર્ક્સ, 1 થી વધુ મંડળ કાર્યરત હોય તો 2 માર્ક્સ ) | 2 | |
| | | 2 | શાળા ગણિત –વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ હોય તો 1 માર્ક્સ, રાજ્યકક્ષાએ ભાગ લીધેલ હોય તો 2 માર્ક્સ, રાષ્ટ્ર કક્ષાએ ભાગ લીધેલ હોય તો 3 માર્ક્સ | 3 | |
| | | 3 | શાળાની લેબૉરેટરી અદ્યતન છે? અને તેનો ઉપયોગ થાય છે.? જો હા તો 1 માર્ક્સ અને અટલ ટીંકરીંગ લેબ/STEM લેબ હોય તો 2 માર્ક્સ | 3 | |
| 5 | **સ્કુલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ** | 1 | દર માસે/ત્રિમાસિક વાલી મિટીંગ યોજાય છે ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 2 | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાતી PAT પરીક્ષાનું સંચાલન તથા પેપરની ચકાસણી થાય છે ? | 2 | |
| | | 3 | શાળાની લોકભાગીદારી દ્વારા વિકાસ | 1 | |
| | | 4 | અન્ય સંસ્થાઓએ શાળા સાથે કરેલ શૈક્ષણિક ભાગીદારી | 1 | |
| | | 5 | સમાજમાં શિક્ષણ સિવાય કોઈ ઉદાહરણ રૂપ પ્રવૃત્તિ શાળા દ્વારા કરવામાં આવે છે ? જો હા તો 2 માર્ક્સ (નિ:શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ...વગેરે...) | 2 | |
| કુલ ગુણ | | | | **55** | |

## શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 4 શાળાની પ્રેરક વિશેષતાઓ

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | વિકલાંગ વિદ્યાર્થીઓના અભ્યાસ માટેની ખાસ વ્યવસ્થા | 1 | શાળામાં રેમ્પની સુવિધા છે? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 2 | દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ શિક્ષકની વ્યવસ્થા | 1 | |
| | | 3 | CWSN ટોયલેટની સુવિધા | 1 | |
| 2 | શિક્ષકોએ ગત વર્ષમાં પ્રાપ્ત કરેલ સિધ્ધિઓ | 1 | શિક્ષકો દ્વારા રાજ્યકક્ષાના સાહિત્ય નિર્માણમાં/લેખન સંપાદનમાં કામગીરી કરવામાં આવેલ છે ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| | | 2 | રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક મળ્યું (જિલ્લા કક્ષા હોય તો 1 માર્ક્સ અને રાજ્યકક્ષા હોય તો 2 માર્ક્સ અને રાષ્ટ્ર કક્ષા હોય તો 3 માર્ક્સ મૂકવા) | 3 | |
| | | 3 | શાળા અને વિદ્યાર્થીઓને લગતું કોઈ ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ છે. ? જો હા તો 1 માર્ક્સ અને તે મુજબનું અનુકાર્ય કરેલ છે. ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| | | 4 | શિક્ષકે ઈનોવેશન ફેરમાં ભાગ લીધેલ છે ? જો જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ હોય તો 1 માર્ક્સ અને રાજ્યકક્ષાએ ભાગ લીધેલ હોય તો 1 માર્ક્સ | 2 | |
| 3 | શિક્ષકોની વ્યવસાયિક સજજતા અને વિદ્યાર્થી વચ્ચેનું સાયુજ્ય | 1 | વિદ્યાર્થીઓ માટે કાઉન્સિલિંગની વ્યવસ્થા છે ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| | | 2 | શિક્ષકોએ વિદ્યાર્થીઓના વિકાસને લગતી કોઈ ખાસ તાલીમ મેળવી છે ? જો STTI/GCERT/DIET દ્વારા આયોજિત તાલીમમાં KRP/RP/MT તરીકે શિક્ષકે કામગીરી કરેલ હોય તો 2 માર્ક્સ | 2 | |
| | | 3 | શિક્ષકોએ શૈક્ષણિક કાર્યમાં ગત વર્ષ દરમ્યાન લાયબ્રેરીના પુસ્તકોનો સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગ કરેલ છે. ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| | | 4 | શિક્ષકોએ શાળા સમય સિવાય વિદ્યાર્થી / વાલીની મુલાકાત કરેલ છે. ? (દરેક સત્ર દીઠ 1 માર્ક્સ) | 2 | |
| | | 5 | ગર્લ્સ રૂમની વ્યવસ્થા છે. ? જો હા તો 1 માર્ક્સ | 1 | |
| કુલ ગુણ | | | | 20 | |

## શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 5 પ્રકીર્ણ

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | શાળામાં વિદ્યાર્થીઓની હાજરી , પરિણામ અને વિવિધ શિષ્યવૃતિ યોજના | 1 | વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓની નિયમિત ઓનલાઈન હાજરી ભરાય છે કે કેમ ? જો હા તો 2 માર્ક્સ | 2 | |
| | | 2 | **શાળાની સરાસરી હાજરી,(ગત વર્ષ)**<br>65% થી 70% હોય તો 1 માર્ક્સ<br>71% થી 80% હોય તો 2 માર્ક્સ,<br>81% થી 90% હોય તો 3 માર્ક્સ,<br>91% થી 100% હોય તો 5 માર્ક્સ | 5 | |
| | | 3 | **શાળાનું સરેરાશ પરિણામ(ગત વર્ષ)**<br>65% થી 70% હોય તો 1 માર્ક્સ<br>71% થી 80% હોય તો 2 માર્ક્સ,<br>81% થી 90% હોય તો 3 માર્ક્સ,<br>91% થી 100% હોય તો 5 માર્ક્સ<br>નોંધ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ગત વર્ષનું SSC/HSC(સા.પ્ર/વિ.પ્ર)નું પરિણામ ધ્યાને લેવું.<br>➢ જ્યાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત હોય ત્યાં S.S.C નું પરિણામ ધ્યાને લેવું.<br>➢ જ્યા માત્ર ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત હોય ત્યાં H.S.C નું પરિણામ ધ્યાને લેવું.(સા.પ્ર/વિ.પ્ર માં જે પ્રવાહનું પરિણામ વધુ હોય તે ધ્યાને લેવું) | 5 | |
| | | 4 | આપની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની(પાત્રતા ધરાવતા) **નમો લક્ષ્મી યોજના** અંતર્ગત રજિસ્ટ્રેશન અને અમલીકરણ અંગેની કામગીરી | 2 | |
| | | 5 | આપની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની (પાત્રતા ધરાવતા) **નમો સરસ્વતી વિજ્ઞાન સાધના** યોજના અંતર્ગત રજિસ્ટ્રેશન અને અમલીકરણ અંગેની કામગીરી | 2 | |
| | | 6 | આપની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની (પાત્રતા ધરાવતા) **મુખ્યમંત્રી જ્ઞાન સેતુ યોજના** અંતર્ગત શિષ્યવૃતિ સહાયની અમલીકરણ અંગેની કામગીરી | 1 | |
| | | 7 | આપની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને (પાત્રતા ધરાવતા) **મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના** અંતર્ગત શિષ્યવૃતિ સહાયની અમલીકરણ અંગેની કામગીરી | 1 | |
| | | 8 | આપની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને (પાત્રતા ધરાવતા) **NMMS યોજના** અંતર્ગત શિષ્યવૃતિ સહાયની અમલીકરણ અંગેની કામગીરી | 1 | |

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળ વેલ ગુણ |
|---|---|---|---|---|---|
| | | 9 | ગુણોત્સવ 2.0 અંતર્ગત<br>A+ ***** હોય તો 6 માર્ક્સ<br>A + **** હોય તો 5 માર્ક્સ<br>A + *** હોય તો 4 માર્ક્સ<br>A ** હોય તો 3 માર્ક્સ<br>A * હોય તો 2 માર્ક્સ<br>B હોય તો 1 માર્ક્સ<br>(નોંધ : આ હરોળમાં ગુણાંકન 6 માર્ક્સથી વધવું જોઈએ નહી અને શાળાએ મેળવેલ ગ્રેડ સામે જે માર્ક્સ દર્શાવેલ છે, તે માર્ક્સ જ મૂકવાના રહેશે.) | 6 | |
| કુલ ગુણ | | | | 25 | |

# <u>શ્રેષ્ઠ શાળા યોજના અંતર્ગત શાળાએ ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ</u>


**૧) લોગીન પેજ :શ્રેષ્ઠ શાળા યોજના અંતર્ગત નીચે મુજબની લીંક ઉપર ક્લિક કરતા નીચે દર્શાવેલ સ્ક્રીનશોટ મુજબનું પેજ ઓપન થશે.**

Website Link: [https://shrestha-shala.gujaratvsk.org/](https://shrestha-shala.gujaratvsk.org/)




- શાળાએ લોગીન કરવા માટે ઉપર દર્શાવેલ સ્ક્રીનશોટ મુજબ યુઝર આઈડી ટેક્સ્ટબોક્ષમાં આપની શાળાનો ૧૧ આંકડાનો યુ-ડાયસ કોડ અંગ્રજીમાં દાખલ કરવાનો રહેશે.
- ત્યારબાદ નીચે પાસવર્ડની કોલમમાં DEO કચેરી દ્વારા આપને આપવામાં આવતો ડીફોલ્ટ પાસવર્ડ દાખલ કરી લોગીન બટન પર ક્લિક કરવાનું રહેશે.

૨) પાસવર્ડ રીસેટ: આપ જયારે પ્રથમ વખત ડીફોલ્ટ પાસવર્ડથી લોગીન કરી રહ્યા હોય ત્યારે આપને લોગીન બટન પર ક્લિક કર્યા બાદ નીચે મુજબનું(Change Password) પેજ ઓપન થશે.




- Enter Current Password માં Login વખતે દાખલ કરેલ ડીફોલ્ટ પાસવર્ડ દાખલ કરવાનો રહેશે.
- Enter new Password & Reenter new password બન્ને ટેક્ષટબોક્ષમાં આપની અનુકુળતા મુજબનો પાસવર્ડ દાખલ કરી ચેન્જ પાસવર્ડ બટન પર ક્લિક કરવાનું રહેશે.
- ત્યારબાદ આપે ફરીથી લોગીન પેજમાં જઈ આપના ૧૧ આંકડાના યુ ડાયસ કોડ તેમજ નવા સેટ કરેલ પાસવર્ડની મદદથી લોગીન કરવાનું રહેશે.

### ૩) શાળાકીય મૂળભૂત વિગત (School Basic Profile):

**શાળાકીય મુળભૂત મહિતી(School Basic Profile)**

**શાળાનો UDISE કોડ:** 24030103902

**શાળાનું નામ:** SHRI C.K.PATEL VISHAVBHARATI

જિલ્લો: PATAN

તાલુકો: CHANASMA

ક્લસ્ટર: LANVA KUMAR

ગામ/વોર્ડ: MITHADHARVA

શાળાનું સંચાલન: Department of Education

શાળાની કક્ષા: માધ્યમિક

શાળા સ્થાપના વર્ષ:

શાળાનો વિસ્તાર: બીન આદીજાતી

શાળાનું માધ્યમ: Gujarati

શાળાનો પ્રકાર: કુમાર-કન્યા(મિશ્ર)

શાળાનો બાંધકામ વિસ્તાર: ગ્રામ્ય

સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર: (5MB PDF)
Choose File No file chosen
View Attachment

શાળાના આચાર્યશ્રીનું નામ: SURESHKUMAR PATEL

આચાર્યનો મોબાઈલ નંબર: 9913032409

શાળાનો મેલ આઇડી:

**ધોરણ વાર નામાંકન અને વર્ગો:**

ધો.૯: 33

ધો.૧૦: 24

કુલ(9+10):

ધો.૧૧: 0

ધો.૧૨: 0

કુલ(11+12):

કાર્યરત શિક્ષકોની સંખ્યા: 0

શું શાળાના મકાનનો પાળી પધ્ધતિથી ઉપયોગ થઇ રહ્યો છે?: Yes

ગત વર્ષની શાળાની સરાસરી હાજરી(%) (2023-24):


શાળાનું છેલ્લા ૩ વર્ષનું પરિણામ (% માં પરિણામ લખવું) (ધોરણ ૯-૧૨ સળંગ એકમની શાળાએ ફકત ધોરણ ૧૦ ના પરિણામની વિગત દાખલ કરવી)

| વર્ષ | વર્ષ 21-22 | વર્ષ 22-23 | વર્ષ 23-24 | છેલ્લા 3 વર્ષનું સરેરાશ પરિણામ |
|---|---|---|---|---|
| S.S.C નું પરિણામ (ધોરણ 9 થી 12 સુધીની શાળાઓ માટે) | | | | |
| H.S.C(સામાન્ય પ્રવાહ) નું પરિણામ (માત્ર ઉચ્ચ માધ્યમિક શાળા માટે) | | | | |
| H.S.C(વિજ્ઞાન પ્રવાહ) નું પરિણામ (માત્ર ઉચ્ચ માધ્યમિક શાળા માટે) | | | | |

Save and Next

- ઉપરના પેજમાં આપે શાળાની કક્ષા,શાળાનું સ્થાપના વર્ષ શાળાનો વિસ્તાર,શાળાનો પ્રકાર,શાળાનું માધ્યમ,શાળાનો બાંધકામ વિસ્તાર તેમજ બાંધકામ વિસ્તારની મંજુરીનું સક્ષમ સત્તાધિકારી નું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.
- આપ શાળાના આચાર્યનું નામ, નંબર, મેલ આઈડી જોઈ શકશો જે આપો આપ આવી જશે તેમજ આપ તેમાં સુધારો પણ કરી શકશો.
- આપે શાળાના પ્રવાહની વિગત જાતે દાખલ કરવાની રહેશે.
- આપની શાળા ધોરણ ૯-૧૨ ની હોય તો આપે ફક્ત S.S.C નું છેલ્લા ૩ વર્ષનું પરિણામ જ દાખલ કરવાનું રહેશે.
- આપની શાળા ધોરણ ૧૧-૧૨ ની હોય તો આપે ફક્ત H.S.C નું છેલ્લા ૩ વર્ષનું પરિણામ જ દાખલ કરવાનું રહેશે.તેમજ જો આપની શાળામાં સામાન્ય અને વિજ્ઞાન એમ બે પ્રવાહ ચાલતા હોય તો બન્ને પ્રવાહનું અને જો કોઈ એક પ્રવાહ ચાલતો હોય તો એક પ્રવાહનું પરિણામ દાખલ કરવાનું રહેશે.

4) View Media: આ પેજ માં આપે કુલ ૬ PDF ૧૦ MB ની મર્યાદા અને ૧ વિડીયો ૫૦ MB ની મર્યાદામાં અપલોડ કરવાનો રહેશે.




- Media પેજ માં કુલ ૬ PDF ૧૦ MB ની મહત્તમ મર્યાદામાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.
- એક PDF માં એકથી વધુ ફોટોગ્રાફ આપ રાખી શકશો પણ PDF ની સાઈઝ ૧૦ MB થી વધુ ના હોવી જોઈએ.
- ૧ વિડીયો ૫૦ MB ની મર્યાદામાં ફરજીયાત અપલોડ કરવાનો રહેશે.
- તમામ વિગત ભરાઈ જાય તેમજ જરૂરી PDF અને વિડીયો અપલોડ થઇ ગયા બાદ આપે જમણી બાજુ કોર્નર માં અપલોડ અને સેવ બટન ક્લિક કરવાનું રહેશે.
- એક વાર આપ અપલોડ અને સેવ બટન ક્લિક કરશો ત્યારબાદ ફોર્મમાં કોઈ જ સુધારો થઇ શકશે નહિ.